બુલેટ ટ્રેન માટે જમીન સંપાદનમાં સરકારે ૭૦૦૦ કરોડ ચૂકવવા પડ્યા

ગુજરાતમાં ૮૫ ટકા જમીન સંપાદન થઇ ચૂકી છે, જો કે હજી મહારાષ્ટ્રમાં ૬૯ ટકા જમીન સંપાદન બાકી છે તેથી હજી વધારે ખર્ચ થશે

ગાંધીનગર, તા. ૪

મુંબઈ અને અમદાવાદ વચ્ચેના ૫૦૮.૧૭ કિલોમીટરના વિસ્તારમાં દોડનારી બુલેટ ટ્રેનના પ્રોજેક્ટમાં જમીન સંપાદન થયા પછી સિવિલ વર્ક શરૂ કરવામાં આવ્યું છે પરંતુ રાજ્યમાં હજી ૧૫ ટકા અને મહારાષ્ટ્રમાં ૬૯ ટકા એવી જમીન સંપાદન કરવાની બાકી છે કે જ્યાં બુલેટ ટ્રેનનો ટ્રેક પસાર કરવાનો થાય છે. આ પ્રોજેક્ટ માટે અત્યાર સુધીમાં ૭૦૨૭ કરોડ રૂપિયાનું જમીન સંપાદન વળતર ચૂકવવામાં આવ્યું છે.

ભારતની સૌ પ્રથમ બુલેટ ટ્રેનને ૨૦૨૩ના અંત સમય સુધીમાં અમદાવાદથી મુંબઈમાં દોડાવવાની યોજના બનાવવામાં આવી છે પરંતુ હજી જમીન સંપાદન પ્રક્રિયા ચાલી રહી છે. જો કે નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ તરફથી ગુજરાતના એવા વિસ્તારો કે જ્યાં જમીન સંપાદન પ્રક્રિયા પૂર્ણ થઈ છે ત્યાં સિવિલ વર્ક શરૂ કરી દેવામાં આવ્યું છે.

કોર્પોરેશનના સૂત્રોએ કહ્યું હતું કે બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ માટે ગુજરાત અને મહારાષ્ટ્રમાં કુલ ૧૦૨૫ હેક્ટર ખાનગી જમીન સંપાદન કરવામાં આવી છે જે પૈકી ૫૫૩૫ કરોડ રૂપિયા ગુજરાત અને ૧૪૨૧ કરોડ રૂપિયા મહારાષ્ટ્રના ખાનગી જમીન માલિકોને આપી દેવામાં આવ્યા છે. મહારાષ્ટ્રના ત્રણ જિલ્લામાં જમીન સંપાદન થઈ રહ્યું છે અને ઉપયનગરીય મુંબઈમાં પ્રક્રિયા શરૂ થવાની બાકી છે જ્યાં ચાર હેક્ટર જમીન સંપાદન કરવાની થાય છે. જો કે થાણેમાં ૬૦ ટકા અને પાલઘર જિલ્લામાં હજી માત્ર ૧૯ ટકા જમીન સંપાદન થઈ છે.

સમગ્ર પ્રોજેક્ટ માટે જમીન સંપાદન પૂર્ણ કરવાની સમયમર્યાદા ડિસેમ્બર ૨૦૧૮ નક્કી કરવામાં આવી હતી પરંતુ આ પ્રક્રિયામાં ત્રણ વર્ષનો વિલંબ થયો છે. ગુજરાતમાં જ્યાં સિવિલ વર્ક શરૂ કરવામાં આવ્યું છે ત્યાં ૯૭.૬ ટકા ખાનગી જમીન સંપાદન કરી લેવામાં આવી છે. હજી જમીન સંપાદન પ્રક્રિયા બાકી હોવાથી સરકારે ૧૦૦૦ કરોડ કરતાં વધુ રકમનો ખર્ચ થશે.

ઉલ્લેખનીય છે કે ચાર વર્ષ પહેલાં ૧૪મી સપ્ટેમ્બર ૨૦૧૭માં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનીઝ કાઉન્ટર પાર્ટ સિંઝો આબે દ્વારા અમદાવાદમાં ફાઉન્ડેશન સ્ટોન રાખવામાં આવ્યો હતો. કોર્પોરેશન તરફથી કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીમાં જમીન સંપાદન પ્રક્રિયા ૧૦૦ ટકા પૂર્ણ થઈ છે જ્યાં ૭.૫૨ હેક્ટર જમીન પેટે ૭૦ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

ગુજરાતના ખેડામાં ૯૯ હેક્ટર અને આણંદમાં ૪૭ હેક્ટર જમીન સંપાદન કરવામાં આવી છે. ભરૂચમાં ૯૯.૮૧ ટકા જમીન સંપાદન થઈ છે, માત્ર ત્રણ પ્લોટ હસ્તગત કરવાના બાકી છે. વડોદરામાં ૧૦૮ હેક્ટર જમીનની આવશ્યકતા સામે ૯૪ ટકા જમીન સંપાદન પૂર્ણ થયું છે. આ જિલ્લામાં ૧૧૧ ખાનગી પ્લોટ હસ્તગત કરવાના બાકી છે. વલસાડમાં ૯૮ ટકા જમીન પ્રાપ્ત કરવામાં આવી છે અને ૧૦૨ પ્લોટ લેવાના બાકી છે. સુરતમાં સૌથી વધુ ૧૩૭ હેક્ટર જમીન સંપાદિત કરવાની થાય છે અને તે જિલ્લામાં ૯૬ ટકા કાર્યવાહી પૂર્ણ થઈ છે.

અમદાવાદના સંસ્કારધામ ખાતે નીરજ ચોપરાએ ૭૫ શાળાના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો

અમદાવાદ, તા. ૪

ઓલિમ્પિક્સમાં ચંદ્રક વિજેતા ભાલા ભેંક ચેમ્પિયન નીરજ ચોપરાએ મહત્વાકાંક્ષી

સંપર્ક કાર્યક્રમનો પ્રારંભ કર્યો છે, જે ભારતના ટોચના એથલેટ્સને શાળાના બાળકો સાથે જોડવાનું કામ કરે છે. આ કાર્યક્રમ અંતર્ગત તેમણે અમદાવાદમાં સંસ્કારધામ ખાતે ૭૫ શાળાના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

નીરજ ચોપરા વિદ્યાર્થીઓ સાથે વિવિધ પ્રકારની રમતો રમ્યા હતા અને તેમને ભાલા ભેંક (જેવલિન થ્રો)ની રમત વિશે કેટલાક સૂચનો પણ આપ્યા હતા. તેમણે સંતુલિત આહાર, તંદુરસ્તી અને રમતગમતના મહત્વ વિશે પણ વિદ્યાર્થીઓને સંબોધન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓના જિજ્ઞાસાપૂર્ણ પ્રશ્નોના સહજ જવાબો આપીને તેમનામાં રોમાંચ જગાવી દીધો હતો, તેમની વાત કહેવાની અજોડ શૈલીએ સચેત પ્રેક્ષકોમાં તેમને પ્રિય બનાવી દીધા છે.

તેમનું પ્રિય ભોજન કયું છે તેવા પ્રશ્નનો તેમણે ઉત્તર આપતા ઉપસ્થિતિઓ તેમને તાળીઓના ગડગટાડથી વધાવી લીધા હતા. આ ઉત્તરમાં તેમણે કેવી રીતે મસાલા અને તેજાનાનો ઉપયોગ કર્યા વગર વેજિટેબલ બીરિયાની બનાવવાનું અને દહીં સાથે આરોગવાનું તેમને ગમે છે તેનું વર્ણન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, "આ એક આરોગ્યપ્રદ, સ્વાસ્થ્યપ્રદ ભોજન છે જેમાં શાકભાજી અને કાર્બોહાઈડ્રેટ્સના યોગ્ય મિશ્રણના કારણે ખનીજતત્વો રહેલા છે." તેમણે ઉમર્યું હતું કે, "રાંધવાથી તેમનું મન લાંબો સમય તાલીમના સત્રમાં લાગેલા થાકથી અન્ય દિશામાં વળે છે."

આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના મૂળ વિચાર સાથે શરૂ કરવામાં આવેલા આ લોકસંપર્ક કાર્યક્રમ દ્વારા તમામ ઓલિમ્પિક્સ અને પેરાલિમ્પિક્સના દરેક ખેલાડીઓને બે વર્ષના સમયગાળામાં ૭૫ શાળાના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરાવવાનો ઉદ્દેશ છે જેથી યુવાનોને સંતુલિત આહાર માટે અને તંદુરસ્તીને લગતી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે પ્રેરિત કરી શકાય. આ પહેલ શિક્ષણ મંત્રાલય તેમજ યુવાના બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવી રહી છે.

નીરજ ચોપરાએ જણાવ્યું હતું કે, "આદરણીય પ્રધાનમંત્રીએ જ્યારે ઓલિમ્પિક્સ પછી તેમની મહેમાનગતિ માટે અમને આમંત્રિત કર્યા ત્યારે તેમણે નવા, આરોગ્યપ્રદ અને તંદુરસ્ત ભારતની દૂરંદેશી વિશે અમારી સાથે વાત કરી હતી. મને શાળાઓની મુલાકાત લેવાની આ વિશેષ પહેલને આગળ વધારવામાં ખૂબ જ ખુશી થઈ રહી છે અને મારી પોતાની રીતે હું કેટલુંક જ્ઞાન શેર કરી રહ્યો છું જે વિદ્યાર્થીઓને વધુ રમતગમતમાં જોડાયેલા રાષ્ટ્ર

તરીકેના પ્રધાનમંત્રીના સપનાંના ભારતનું નિર્માણ કરવામાં મદદ કરી શકે છે."

તેમણે યોગ્ય આહાર, તંદુરસ્તી માટેના સાચા નિયમો અંગે સૂચનો આપ્યા હતા અને જીવનના કેટલાક મહત્વના પાઠ પણ શીખવ્યા હતા. નીરજ ચોપરાએ ફિટ ઈન્ડિયા પ્રશ્નોત્તરી વિશે પણ વાત કરી હતી. આ સૌથી મોટી રમતગમત અને તંદુરસ્તીને લગતી પ્રશ્નોત્તરી છે. તેમણે કહ્યું હતું કે, "વિદ્યાર્થીઓ મને આપેલા કેટલાક પ્રશ્નોના જવાબથી અને જ્ઞાન પર તેમનું પ્રભૂત્વ જોઈને હું અચંબિત છું. યોગ્ય પ્રકારની શિસ્ત અને સમર્પણ દ્વારા તેઓ ઘણી ઊંચાઈઓ સર કરી શકાય છે."

પ્રારંભમાં, સંસ્કારધામ એજ્યુકેશન સોસાયટી દ્વારા નીરજ ચોપરાનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમણે સમાજ દ્વારા કરવામાં આવતા કાર્યોને બિરદવ્યા હતા અને ભવિષ્ય માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટે તેમના સશક્તિકરણની દિશામાં પ્રતિબદ્ધતા અને સમર્પણની પ્રશંસા કરી હતી.

સંસ્કાર ભારતી અખિલ ભારતીય સાધારણ સભાનું ઉદઘાટન પદ્મશ્રીથી સન્માનિત કલાકારોના હસ્તે કરવામાં આવ્યું હતું. વિવિધ કલાઓ સાથે જોડાયેલા મહાનુભાવો અને કલાકારોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. શ્રી નિતિશ ભારદ્વાજ, શ્રી મનોજ જોષી અને શ્રી માલિની અવસ્થી જેવા કલાકારો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

જ્ઞાનના પ્રકાશથી સમાજના છેવાડાના વ્યક્તિનું કલ્યાણ થાય : મુખ્યમંત્રી

ગણપત યુનિવર્સિટીનો ૧૫મો પદવીદાન સમારોહ સંપન્ન : ૩,૭૯૨ વિદ્યાર્થીઓ સાથે ૭૮ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ સાથે ૨૦ વિદ્યાર્થીઓને પી.એચ.ડી ડિગ્રી એનાયત

ગાંધીનગર, તા. ૪

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગણપત યુનિવર્સિટીના ૧૫માં પદવીદાન સમારોહમાં ૩,૭૯૨ યુવા છાત્રોને પદવી અર્પણ તથા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને મેડલ્સ પ્રદાન કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે તમારી શક્તિ-નોલેજને સમાજ માટે ઉપયોગ કરશો, તો સમાજ પણ તમને બે હાથ ફેલાવીને આવકારશે.

મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને કેરીયર બનાવો, પૈસા કમાવો પણ રાષ્ટ્રહિત, રાજ્યહિત અને તમારા જ્ઞાનના પ્રકાશથી સમાજના છેવાડાના વ્યક્તિનું કલ્યાણ થાય, ઉન્નતિ થાય તેવો ભાવ દિલમાં હમેશાં રાખવાનું આહ્વાન પણ કર્યું હતું.

ઉત્તર ગુજરાતની ધરાના પનોતાપુત્ર અને દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્ઞાન શક્તિથી રાષ્ટ્ર નિર્માણનો મંત્ર આપ્યો છે તેમ કહી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આત્મનિર્ભર ભારત, જ્ઞાન સમૃધ્ધ ભારત, નોલેજ બેઈઝડ ઈકોનોમીમાં ભારતે લીડ લેનારા જગદગરૂ ભારતના પ્રધાનમંત્રીશ્રીના સપનાને નવયુવાનો સાકાર કરે તેવું આહવાન કર્યુ હતું.

પદવીદાન સમારંભમાં ડિગ્રી-શિક્ષા—દિશા પ્રાપ્ત કરનાર ૩,૭૯૨ યુવાનોને તેમના સુવર્ણ ભવિષ્ય માટે અભિનંદન પાઠવી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતનો યુવાન વિશ્વ સાથે આંખમાં આંખ મિલાવી વાત કરવા સક્ષ્ય થાય તેવી ઉત્તમ શૈક્ષણિક

સુવિધા આ યુનિવર્સીટીએ પુરી પાડી છે.

કોઈ વ્યક્તિને નિષ્ઠા, તપસ્યા અને દિધર્દ્રષ્ટી કેવા પરીણામ આપી શકે છે તેનું ઉત્તમ દષ્ટાંત ગણપત યુનિવર્સીટી છે તેવુ કહી કેન્દ્રિય મંત્રી શ્રી પરષોત્તમભાઈ રૂપાલાએ પદવી મેળવનાર સર્વે વિધાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

નેનો ટેકનોલોજીની વિસ્તૃત વાત પોતોની આગવી શૈલીમાં કરતાં કેન્દ્રિયમંત્રીએ ઉમેર્યું હતું કે કૃષિક્ષેત્રે યુરિયા ખાતરનું નેનો ટેકનોલોજીથી નિર્માણ કરનાર ભારત પ્રથમ દેશ બનશે. ગુજરાત અમુલ ડેરી જેવી સંસ્થાના કારણે દુધ ક્ષેત્રે વિશ્વમાં નેતૃત્વ કરી રહ્યું છે. શિક્ષણક્ષેત્રે ટેકનોલોજી અનુંસાર ફેરફાર પણ જરૂરી છે તેમ તેમણે જણાવ્યું હતું.

ગણપત યુનિવર્સીટીના વડા અને મુખ્યદાતાશ્રી ગણપતભાઈ પટેલે જણાવ્યું હતું કે આ સરકારના શાસનમાં ખુબ ઝડપી કામ થઈ રહ્યા છે.આ સંસ્થાને નર્સિંગ અને કૃષિ અભ્યાસક્રમ માટેની મંજુરી માત્ર દશ દિવસમાંજ સરકારે આપી છે.ગુડ ગર્વનસની છબી આ સરકારે મારા મનમાં ઉભી કરી છે.જેટલી ઝડપી મંજુરી મળી છે તેટલા ઝડપી અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં માત્ર ગણપત યુનિવર્સીટીમાંજ પ જી પ્રોજેક્ટના સંશોધનની મંજુરી સમગ્ર દેશમાં આ યુનિવર્સીટને મળી છે જેનું ગૌરવ છે

કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, ગણપત યુનિવર્સિટીના પેટ્રન-ઈન-ચિફ તેમજ પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ,જિલ્લા કલેકટર ઉદિત અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારી ડો ઓમ પ્રકાશ, ધારાસભ્ય સર્વે શ્રી રમણભાઈ પટેલ, કરશનભાઈ સોલંકી, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રહલાદભાઈ પરમાર, યુનિવર્સિટીના ડાયરેકટર જનરલ અને પ્રો ચાન્સેલર પ્રો.ડૉ. શ્રી મહેન્દ્ર શર્મા સહિત આમંત્રિત મહાનુભાવો, ટ્રસ્ટીશ્રીઓ, વિવિધ શાળા-કોલેજના આચાર્યશ્રીઓ, ફેકલ્ટી-ડીન, હેડ ઓફ ડિપાર્ટમેન્ટ્સ, ફેકલ્ટી-મેમ્બર્સ તેમજ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આજનો "સન્ડે મેરેજ-ડે" : જિલ્લામાં લગ્નસરાની મોસમ પૂરબહારમાં ખીલી

ગામે ગામ બેન્ડવાજાની સૂરાવલી સાંભળવા મળશે : લગ્ન મહાલવા જાનૈયા અધિરા બન્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

માવઠું વિખરાયા પછી શિયાળાની આલ્હાદક ઠંડીના માહોલ વચ્ચે જિલ્લામાં લગ્નસરાની મોસમ પૂરબહારમાં ખીલી ઉઠી છે. આજે રવિવારે અસંખ્ય લગ્નો યોજાવાના હોઈ આજનો સન્ડે મેરેજ ડે બની રહેવાનો છે. જિલ્લામાં પખવાડીયા સુધી લગ્નો યોજાવાના છે જેથી જ્યાં નજર કરો ત્યાં લગ્નના માંડવા તથા ઢોલ-શરણાઈના સૂર સંભળાઈ રહ્યા છે.

જિલ્લામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ શિયાળાના પ્રારંભ સાથે જ ઠંડીની અનુકુળ મોસમમાં લગ્નોની સીઝન શરૂ થઈ ચૂકી છે. અગાઉ દેવોના તુલસી વિવાહ સંપન્ન થઈ ગયા પછી લગ્નોનાં અઢળક મુહૂર્ત નિકળતાં તમામ જ્ઞાતિઓમાં લગ્નો શરૂ થયા છે. જિલ્લામાં વૈશાખ માસમાં મોટા ભાગે લગ્નો યોજાતા હોય છે પરંતુ મોટાભાગની જ્ઞાતિઓને હવે માગશર માસની મખમલી ઠંડી માફક આવી જતાં છેલ્લા કેટલાક વર્ષોથી માગશરમાં લગ્નોનાં વધુ મુહૂર્ત નિકળતાં હોય છે. જિલ્લામાં લગ્નોની સીઝન બરાબરની જામતાં ગણાને કોના લગ્નમાં જવું અને કોના લગ્નમાં ન જવું તેની મૂંઝવણ સતાવી રહી છે. જિલ્લામાં લગ્નવાડીઓ તથા વિવિધ સમાજના હોલ અને ખુલ્લા પાર્ટી પ્લોટોમાં ભપકાદાર લગ્નો આયોજીત થઈ રહ્યાં છે. હાલની લગ્નોની સીઝનમાં મંડપ ડેકોરેટર્સ, રસોઈયા અને ગોરમહારાજને તો ઘડીનીય નવરાશ ન હોય તેવી સ્થિતિ છેલ્લા કેટલાક દિવસોથી જોવા મળી રહી છે. જિલ્લામાં ૧૫મી ડિસેમ્બર પછી કમુહૂર્તા બેસી રહ્યા છે. તે પહેલાં અસંખ્ય લગ્નોનાં આયોજન ગોઠવાતાં માહોલ લગ્નમય બની રહ્યો છે. જિલ્લામાં આજે રવિવારે મહત્તમ લગ્નો અને રીશેપ્શન યોજાવાના હોઈ આજનો રવિવાર લગ્નમય બની રહેવાનો છે. જિલ્લામાં લગ્નોની સીઝન જામતાં ખાનગી વાહનોને પણ વર્ધીના સ્વરૂપમાં કમાણીનો તડાકો પડ્યો છે. જિલ્લામાં એક સપ્તાહ સુધી આયોજીત થનારા લગ્નો દરમ્યાન તમામ વિસ્તારોમાં માર્ગો ઉપર માંડી રાત સુધી વાહનોની અવર જવર જોવા મળી રહી છે. જિલ્લામાં શિયાળાની ઠંડીમાં પણ લગ્નોની સીઝનના લીધે માંડી રાત સુધી જિલ્લો જાણે જીવંત હોય તેવું લાગી રહ્યું છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૫૫૮ ગ્રામ પંચાયતોનો મહાસંગ્રામ : ૭૫૦૦ કર્મચારીઓ ચૂંટણીની કામગીરીમાં

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની મુદત પૂર્ણ થતી તેમજ સરપંચ અને વોર્ડ બેઠકો ખાલી પડી છે તેવી ૫૫૮ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી મહાસંગ્રામ તા.૧૯ ડિસેમ્બરે યોજાવાનો છે ત્યારે ગ્રામ પંચાયતોના ચૂંટણી મહાસંગ્રામમાં પ્રિસાઈડીંગ, પોલીંગ ઓફીસર અને સેવકો સહિત ૭૫૦૦ કર્મચારીઓને ચૂંટણીની કામગીરીમાં સામેલ કરાશે. ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થતાં જ અનેક મહાશાળાઓમાં શૈક્ષણિક કાર્યને માઠી અસર પહોંચશે તેવી દહેશત વાલીઓ વ્યક્ત કરી રહ્યા છે. જિલ્લામાં ઉમેદવારી પત્રો પરત ખેંચવાના અંતિમ દિવસ તા.૭ ડિસેમ્બર પછી જ જિલ્લાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકો જાહેર કરે તેવી શક્યતાઓ દેખાઈ રહી છે.

અનેક મૂરતિયાઓ છેલ્લા દોઢ-બે વર્ષથી ગ્રામ પંચાયતની ચૂંટણીઓ ક્યારે આવે અને સરપંચ બની જઈએ તેના સ્વપ્નો જોતા હતા. લાંબા સમયના આ સ્વપ્નો હવે આગામી દિવસોમાં હકીકતમાં ફેરવાઈ જશે. તા.૧૯ ડિસેમ્બરે જિલ્લાની ૫૫૮ ગ્રામ પંચાયતોમાં સરપંચ પદ માટેનો ઐતિહાસિક જંગ ખેલાશે. બિનસત્તાવાર રીતે જિલ્લાની ૫૫૮ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી લડવામાં રૂા.૧૫ કરોડથી પણ વધુનું આંધણ મૂકાશે કદાચ આ આંકડો વધવાની સંભાવના પણ વ્યક્ત કરાઈ રહી છે અનેક પંચાયતોમાં કેટલાક ઉમેદવારો ચૂંટણીને પોતાનો રાજકીય પ્રતિષ્ઠાનો જંગ બનાવી દેશે તેવું સુનિશ્ચિત બનતાં જિલ્લાની અનેક ગ્રામ પંચાયતોની ચૂંટણી એક યાદગાર ચૂંટણી જંગમાં ફેરવાય તેવી શક્યતાઓ દેખાઈ રહી છે.

નવરચિત અરવલ્લી જિલ્લો : અધિકારી કર્મચારીઓની ઘટથી કામો ઉપર ગંભીર અસર

ફાઈલો મોટા સાહેબના ત્યાં ધકેલવામાં કટકી શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

નવરચિત અરવલ્લી જિલ્લો સમગ્ર રાજ્યમાં વિકાસનું મોડલ બની રહેશે તેમ અભિવાદન સમારોહમાં હાલના વડાપ્રધાને ૮ વર્ષ અગા. જણાવ્યું હતું. પરંતુ નવા જિલ્લાની રચના પછી ૮ વર્ષ પછી પણ જિલ્લો અધિકારી - કર્મચારીઓની ઘટથી પીડાતો હોવાના કારણે વહીવટીય - વિકાસકામોને માઠી અસર પહોંચી છે. જેથી ફાઈલો મોટા સાહેબના ત્યાં ધકેલવા માટે જેવું કામ તેવી કટકી થઈ રહ્યાના ગંભીર આક્ષેપો સાંભળવા મળી રહ્યા છે.

અરવલ્લી જિલ્લામાં નવા વર્ષના આરંભ સાથે જ ભ્રષ્ટાચારની ગંભીર ફરિયાદ વિવિધ વિભાગોમાંથી ઉઠવા પામી છે. બહુમાળી ભવન તેમજ જિલ્લા પંચાયતની કેટલીક શાખાઓમાં પૈસાઓના પૂજારીઓને ખુશ ન રાખો તો તમારું કામ ટલ્લે ચડી જાય. જિલ્લાના વિવિધ વિભાગોમાં મંજુર થયેલા મહેકમ સામે કર્મચારીઓની ઘટ વધુ છે અને કામનું ભારણ સતત વધી રહ્યું છે. કેટલાંક કર્મચારીઓ પોતાના વગર કશું કામ આગળ વધવાનું નથી તેવું વિચારી સતત અનિયમિત જોવા મળી રહ્યા છે. તો કેટલાંક રાજકીય આકાઓના વાહનમાં તેમજ વહિવટદારોની આસપાસ ચાની કિટલી અને નાસ્તાગૃહ આગળ વારંવાર જોવા મળતાં હોય છે. જિલ્લા કલેક્ટર તેમજ જિલ્લા વિકાસ અધિકારીએ ઓછા સ્ટાફની ઘટ પુરવાના પ્રયાસની સાથે અનિયમિત કર્મચારીઓ સમયસર કચેરીમાં હાજર રહે તેવી ઉત્કૃષ્ટ વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

દુ:ખદ અવસાન

બાયડ : તા.૦૪

બાયડના ડૉ. અરવિંદભાઈ ભાટીયા(પ્રમુખ-ભાટીયા સમાજ

મોડાસા જુથ સેવા મંડળ)ના પત્ની મંજુલાબેન ભાટીયાનું તા.૩ ડિસેમ્બર, શકવારના રોજ દુ:ખદ નિધન થયું છે. સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ટાઉનહોલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ આરામદાયક બનાવાશે. ડિસ્મેન્ટલિંગની કામગીરીના અંતે માળખાનુ ઓડીટ સર્ટિફિકેટ મેળવવામાં આવશે. શહેરમાં કોરોના કાળમાં આમ પણ સાંસ્કૃતિક પ્રવૃતિઓના નામે મીંડુ ચિતરાયેલુ છે. જયારે ટાઉનહોલ પણ છેલ્લા બે વર્ષથી બંધ છે જોખમી ટાઉનહોલને યોગ્ય કરવા માટે રીનોવેશનનુ કામ હાથ ધરવામાં પણ વિલંબ થયો છે. ત્યારે હવે કલાકારોને ઝડપથી સ્ટેજ મળી રહે તે માટે પણ હોલના રીનોવેશનુ કામ ઝડપથી પુર્ણ થાય તેવી આશા સેવાઈ રહી છે. અગાઉ ટાઉનહોલમાં સ્ટેજ પર પરફોર્મ કરતા કલાકારોને ઈજા થઈ હોવાના પણ અનેક કિસ્સા છે. જયારે ખંડેર બનેલો હોલ રીનોવેશન પુર્વે ઉંદર બિલાડીનુ ઘર બની ગયો હતો આખરે રીનોવેશનનુ કામ હાથ ધરાતા નગરની કલા સંસ્થાઓ તેમજ કલાકારોએ હાંશકારો અનુભવ્યો છે. ત્યારે ટાઉનહોલના રીનોવેશનની યોજના આગામી જુલાઈ મહીના સુધીમાં પુર્ણ થઈ જશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

ઘ-માર્ગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેટ આઈ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા કરવામાં આવશે. જેથી સમિટ દરમિયાન નગરના માર્ગોની રોનક નિખરશે નગરના મુખ્ય ઘ માર્ગ પર અન્ડર પાસ તૈયાર થયા બાદ ટ્રાફિકનો ધમધમાટ વધી ગયો છે. જેના લીધે હાલ આ માર્ગ પર ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે. જયારે લાંબા સમયથી આ માર્ગની સુધારણાનુ કામ પણ હાથ ધરાયુ નથી જેના લીધે માર્ગો પર કેટલાક ભાગમાં સરફેસ ખરબચડી થઈ ગઈ છે. આમ પણ નિયત સમયના અંતે માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવાનુ અનિવાર્ય હોય છે ત્યારે ઘ માર્ગની સુધારણાનુ કામ ચોમાસા પુર્વે જ મંજુર કરી દેવાયુ હતુ પરંતુ વરસાદી દિવસોના લીધે આ કામગીરી થઈ શકી ન હતી જયારે દિવાળી બાદ વાઈબ્રન્ટ સમિટની દીશામાં તંત્રનુ ધ્યાન દોરવાતા આખરે ઘ માર્ગની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ઘ માર્ગ પર અંદાજિત ૬.૫ કી મી ના માર્ગનુ રીસરફેસીંગ થશે જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ કરાશે આ કામ સરકારી પ્લાન્ટના આધારે હાથ ધરાયુ છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી માર્ગ સુધારણાની કામગીરી ઝડપથી પુર્ણ કરી દેવાશે આગામી દસ દિવસમાં ઘ માર્ગનુ કામ પુર્ણ થઈ જશે. ત્યારબાદ માર્ગ પર થર્મોપલાસ્ટના પટ્ટા તેમજ કેટ આઈ પણ લાગશે જેના લીધે રાત્રિના સમયે પણ મુખ્ય માર્ગનો સિનારિયો આકર્ષક બનશે. શહેરના ઘ માર્ગના સરફેસીંગની સાથે અને અન્ય માર્ગો પર ડામરનુ હળવુ પડ લાગે તે મુજબ લેયર કામ કરી માર્ગોને ઉપરથી સોહામણા બનાવી દેવાશે.

કડાકો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લિક્વિડિટી પૂરી પાડશે અને છેલ્લા ૨૧ મહિનાની ઐતિહાસિક રીતે ઢીલી પરિસ્થિતિથી પ્રમાણમાં નાણાકીય સ્થિતિને વધુ કડક કરશે તે બજારમાં સટ્ટાકીય પ્રવૃત્તિ માટે નકારાત્મક તરીકે જોવામાં આવે છે.

ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં સેલ-ઓફ અન્ય કોઈન માટે વધારે મુશ્કેલી ઊભી કરે છે. કારડાનો, સોલાના, પોલીગોન અને શિબા ઈનુ જેવી કરન્સીમાં ૧૩-૨૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. આ ઉપરાંત મોટા ભાગની ક્રિપ્ટોકરન્સીમાં ઘટાડો જોવા મળ્યો હતો જેના કારણે ક્રિપ્ટોના રોકાણકારોમાં ચિંતા વધી ગઈ છે.

વિશ્લેષકોએ સૂચવ્યું હતું કે બિટકોઈન માર્કેટમાં વેચાણનું મોટાભાગનું દબાણ રોકડ બાજુ પર હતું, જે વેપારીઓ દ્વારા બિટકોઈન ડેરિવેટિવ્ઝ પર ઉચ્ચ લેવરેજ્ડ પોઝિશનને કારણે વધી ગયું હતું. ૪૨,૦૦૦ ડોલરની કિંમતોમાં ત્વરિત કડાકો ટ્રેડર્સની તેમની ડેરિવેટિવ પોઝિશન પર સ્ટોપ-લોસ શરૂ થવાનું પરિણામ હતું.